જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૭/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૪૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૨૬ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૫ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૪ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૦૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૪૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૪૫/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સિટીઃ શૈલેષકુમાર ગાંડાલાલ પટેલ (ઉ.વ.૫૦) (રહે. કર્ણાવતી પાર્ક સોસાયટી ઘોડાસર) એ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા વિજય ચાર રસ્તા મેક ડોનાલ્ડની ઉપર યશ એક્વા ઓફીસ નંબર–૩૦૮ "વીન વી.આઇ.પી.હોલીડેઇઝ" નામની ઓફીસ ખાતે આરોપી વિવેકભાઇ ઘનશ્યામભાઇ મહેશ્વરી (હાલ રહે. જલદીપ આઇકોન–૨ મકરબા અમદાવાદ શહેર, મુળ વતન. શિવશંકર સોસાયટી બોરસર રોડ કાલી મંદીર પાસે બોરસર આણંદ) એ શૈલેષકુમાર પટેલના પુત્રને ઓસ્ટ્રેલીયાના વિઝા અપાવવાનુ કહી શૈલેષકુમાર પટેલ પાસેથી કુલ રૂપિયા ૨૪,૧૫,૯૪૭/– મેળવી લઈ વિઝા નહી અપાવતા આપેલ પૈસા પરત માંગતા રૂપિયા ૭,૫૦,૦૦૦/– પરત આપી બાકી નિકળતા રૂપિયા ૧૬,૬૫,૯૪૭/– પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.મનાત ચલાવે છે.

બોડકદેવઃ મૌલિક હિતેશકુમાર ઈનામદાર (ઉ.વ.૩૪) (રહે. સરદારનગર સોસાયટી મિશન રોડ નડીયાદ) એ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૬ થી તા.૩૦/૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મૌલિક ઈનામદાર નાઓની કંપનીમા એડમીન ઓફિસર તરીકે નોકરી કરતા આરોપી વિનાયક દિગંબરભાઈ સોની (રહે. સ્વાગત–૯૯ એક્સીલન્ટ સ્કુલની બાજુમાં હંસપુરા) એ ઓફિસ નંબર– ડી/૫૦૫ ટાઇમ્સ સ્કવેર ગ્રાન્ડ સિંધુભવન રોડ ખાતે ગ્રાહકો પાસેથી રોકડ રૂપિયા ૧૬,૫૧,૫૭૨/– મેળવી લઈ તે પૈકી રૂપિયા ૨,૪૦,૦૦૦/– કંપનીમાં જમા કરાવી બાકી નિકળતા રૂપિયા ૧૪,૧૧,૫૭૨/– કંપનીમાં જમા નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.પટેલ ચલાવે છે.

મેઘાણીનગરઃ પ્રિન્સ નરેશભાઈ પટણી (ઉ.વ.૨૦) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન અંબાચોક નજીક કલાપીનગર) એ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૬ તથા તા.૧૫/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ઓનલાઈન માધ્યમથી પ્રિન્સ પટણીના ખાતામાંથી રૂપિયા ૧,૩૮,૯૯૭/– યુ.પી.આઈ. આઈ.ડી.મારફતે ટ્રાન્જેક્શન કરી લઈ ઠગાઈ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૪૬/૨૦૨૬**

ઈસનપુરઃ નદીમમિંયા કાસમભાઈ બાગબાન (રહે. રોયલ નવાબ ફ્લેટ બાદશાહ કોલ્ડડ્રિંક્સ નજીક શાહઆલમ ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૭/૨૦૨૬ સાંજના ૦૭/૩૦ થી રાતના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું લોક ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૨૨,૬૭,૦૦૦/– અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૩,૩૭,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ જીઆઈડીસી વટવા જશોદાનગર સેફરોન બિલ્ડીંગ પાછળ સારથી બંગ્લોઝ ખાતે રહેતા ચંદ્રપ્રકાશ હરિશચંદ્ર શર્મા (હાલ રહે. આલ્પ્સ બિલ્ડીંગ,ન્યાતી ઈટરનીટી,ઉંડરી, પુના, મહારાષ્ટ્ર) એ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૦૭/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીઆઈડીસી વટવા જશોદાનગર સેફરોન બિલ્ડીંગ પાછળ સારથી બંગ્લોઝ ખાતેના પોતાના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના સિક્કા નં–૨૦, ચાંદીનુ પેન્ડલ તથા ચાંદીનુ કિચન તથા ઘરના પાર્કિંગમાં પાર્ક કરેલ સ્કોડા કેબીયા કંપનીની કલાસીક ૧.૨ ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૦૧ કેબી ૦૬૮૩ કિમત રૂપિયા ૮૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૪૭/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સિટીઃ એલેન્સી ડો/ઓ એલ્વીનભાઇ ક્રિશ્ચિયન (રહે. રેખાબેનની ચાલી કોસા સોસાયટી સામે મણીનગર) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૬ સવારના ૦૯/૦૦ વાગ્યાના સુમારે સેન્ટ ઝેવીયર્સ કોલેજના ઝિકા લાયબ્રેરી રૂમ બહાર દરવાજાની બાજુમાં લોબીના બેસવાના ભાગેથી એલેન્સી ક્રિશ્ચિયનની બેગમાંથી તેમનું લેપટોપ કિમત રૂપિયા ૫૦,૦૦૦/– તથા એલેન્સી ક્રિશ્ચિયનના મિત્રનું લેપટોપ કિમત રૂપિયા ૩૫,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૪૮/૨૦૨૬**

વટવા જીઆઈડીસીઃ વટવા જીઆઈડીસી ફેઝ–૦૪ હનુમાન મંદિર પાસે ગાયત્રીનગર સોસાયટી ખાતે ભાડાના મકાનમા રહેતા બિકાશ સુભાષભાઇ રામ (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ–હસનપુર તાલુકો–હસનપુર જીલ્લો–શિવાન રાજય–બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૬ સવારના ૦૯/૦૦ થી બપોરના ૦૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે ગમછો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.સુતરીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી